सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૧૯ | ૦૪ | ૨૦૨૪ |
| નોંધ્યા તારીખ: | ૧૯ | ૦૪ | ૨૦૨૪ |
| ફેંસલ તારીખ: | ૧૬ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૧૦ | ૨૭ |

## મહે. એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.

**રેગ્યુલર સીવીલ અપીલ નં. ૧૨/૨૦૨૪**
**આંક : ૩૩**

**એપેલેન્ટ :–** ચંદ્રકાંત શંકરભાઈ પટેલ,
(મુળ વાદી) ઉ.વ. ૭૨, ધંધો. ખેતી,
રહે. મુ. સોનીપુરા, તા. કપડવંજ, જી. ખેડા.

**<u>વિરૂધ્ધ</u>**

**રીસ્પોન્ડન્ટ :–** (૧) જશુભાઈ ગોપાળભાઈ પટેલ,
(મુળ પ્રા.વાદી) ઉ.વ. ૬૪, ધંધો. ખેતી,
(૨) રેવાભાઈ ગોપાળભાઈ પટેલ,
ઉ.વ. ૭૮, ધંધો. ખેતી,
(૩) જગદીશભાઈ ગોપાળભાઈ પટેલ,
ઉ.વ. ૫૯, ધંધો. ખેતી,
તમામ રહે. મુ. સોનીપુરા, તા. કપડવંજ, જી. ખેડા.

**સીવીલ પ્રોસીઝર કોડની કલમ–૯૬ મુજબ અપીલ....**

**********************************************************************************************************************

એપેલેન્ટ તરફે વિધ્વાન વકીલ.શ્રી બી.એ.મકવાણા

રીસ્પોન્ડન્ટ તરફે વિધ્વાન વકીલ શ્રી ટી.જે.મલેક

**********************************************************************************************************************

:: ઠ રા વ ::

(૧) સદર એપેલેન્ટે એ મૂળ દાવાના વાદીઓ હોય તેમજ રીસ્પોન્ડન્ટ એ મૂળ દાવાના પ્રા.વાદીઓ હોય અપીલના કામે સરળતા ખાતર એપેલેન્ટ અને રીસ્પોન્ડન્ટ તરીકે સંબોધવામાં આવેલા છે. એપેલેન્ટ ની હાલની અપીલની ટૂંકમાં હકીકત એવી છે કે, એપેલન્ટે કપડવંજના મહે. બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દી.મુ.નં.૪૮/૨૦૧૨ થી દાવાવાળી જમીનમાં પ્રા.વાદી નં. ૧ નો કોઈપણ જાતનો લાગ ભાગ હકક હીત કે સંબંધ નથી તેમ ઠરાવી પ્રતિવાદી નં.૧ કે તેમના નોકર, એજન્ટ, એસાઈનીઓ કે સગા સબંધી કે અન્ય કોઈ ઈસમ સદર દાવાવાળી જમીનમાં પ્રવેશ કરે કરાવે નહી તેઓ વાદીના લાભમાં હુકમ કરવા જાથુનો કાયમી મનાઈ હુકમ મેળવવા દાવો દાખલ કરેલ હતો. જે કામે તા. ૨૮-૦૩-૨૦૨૪ ના રોજ કપડવંજના મહે. બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબનાઓએ એપેલેન્ટની વિરુધ્ધમાં હુકમ કરી દાવો નામંજુર કરતા જે હુકમથી નારાજ થઈ નીચેના કારણોસર હાલની અપીલ દાખલ કરેલ છે.

(૨) નામ.ટ્રાયલ કોર્ટે આપેલ હુકમ તે મનસ્વી વિરોધાભાસી તથા પુરાવા, કાયદો અને હકીકતો વિરૂધ્ધની ગંભીર ભૂલ કરેલ છે અને વાદીઓ ધ્વારા દાવો દાખલ કરતી વખતે રજૂ કરેલ દસ્તાવેજોનું ખોટી રીતે મુલ્યાંકન કરી જે હુકમ કરેલ છે તે એપેલેન્ટના

હકકો વિરુઘ્ધનો છે. નામ. ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ તથા હુકમનામુ સ્પેશલીફીક રીલીફ એકટની જોગવાઈઓ વિરૂઘ્ધનો છે. સદર ચુકાદો લેન્ડ રેવનયુ એકટની જોગવાઈઓ વિરૂઘ્ઘ્નો છે. તેમજ ઈકવીટી જસ્ટીસ એન્ડ કન્સાઈન્સના ન્યાય નિતિના સિઘ્ધાંત વિરૂઘ્ઘનો છે. સદ રહુકમ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ તથા હિન્દુ કાયદા અનુસાર કૌટુંબીક વ્યવસ્થા અંગેની જોગવાઈઓ વિરૂઘ્ઘનો છે. નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ તથા હુકમનામુ રેકર્ડ પરની તમામ હીકતો તથા દસ્તાવેજી પુરાવા તથા પક્ષકારોના મૌખીક પુરાવાને સમજયા વિના મનસ્વી અર્થઘટનો કરી કાયદા વિરૂઘ્ઘ આર્બીટરી અને અન્યાયી નિર્ણયો અને તારણો કરી, આપેલ હોવાથી હુકમ તથા હુકમનામુ રદ થવાને પાત્ર છે. નામ. ટ્રાયલ કોર્ટે કબજા અને માલીકી અને ભોગવટા અંગે કોઈ જરૂરી ઈસ્યુ ફ્રેમ કરેલ નથી. દાવાના કામે ફેરફાર નોંધ નં.૪૬૯ તથા પ૪૭, તથા પ૪૮ રેકર્ડ પર નામદાર કોર્ટે પુરાવા તરીકે સ્વીકારીને આંકે પાડેલ છે. અને આ તમામ ફેરફાર નોંધોને પ્રા.વાદીઓએ આજદીન સુધી કોઈપણ સક્ષમ અદાલત સમક્ષ પડકારીને ચેલેન્જ કરેલ નથી. તકરારી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો સને–૧૯૯૩ અને તે પહેલાથી એપેલન્ટનો સાબીત થતો હોવા છતાં તે ન માનીને નામદાર કોર્ટે ભુલ કરેલ છે. સદર તકરારી જમીનમાં કબજો ભોગવટો એપેલન્ટનો છે અને એપેલન્ટે ભરેલ જમીન મહેસુલની અસલ પાવતીઓ, પુરાવાઓ, એપેલન્ટ તકરારી જમીનના પ્રત્યક્ષ કબજેદાર અને ખેડુત હોવાના દાર્શનીક દસ્તાવેજો સરકારી દસ્તાવેજો આધાર પુરાવાઓ હોવા છતાં તે ન માનીને ગંભીર ભુલ કરેલ છે. ફેરફાર નોંધ નં.૪૬૯ તથા પ૪૭, તથા

૫૪૮ સને–૧૯૯૩ થી મંજુર થયેલ છે. એપેલન્ટે સદર વાદવાળી જમીનમાં લીધેલ વીજ જોડાણ તથા તેના સતત વીજવપરાશ તથા સને–૧૯૯૩ થી આજદીન સુધીના ખેડ હકકના કબજેદાર તરીકેના પ્રમાણીત ઉતારા તેમજ જમીન મહેસુલ ભર્યાની પાવતીઓ રજુ કરેલ હોવા છતાં તે ન માનીને ગંભીર ભુલ કરેલ છે. તકરારી આંક–૮૭ વાળા તા. ૧૧/૦૬/૧૯૮૭ ના રોજના અનરજીસ્ટર કથીત અરસ પરસ વહેંચણી કરાર અનુસાર ફેરફાર નોંધ નં. ૪૬૯ રેકર્ડમાં પાડીને મંજુર કરવામાં આવેલ હોવાનું પ્રા.વાદીઓનુ કથન રેકર્ડ જોતાં તદ્દન ખોટુ છે. આંક–૧૧૮ થી આંક–૧૨૧ અન્વયેના સરકારી પાણી પત્રકના પુરાવા તેમજ માલીકીના બોરકુવા અંગે તલાટીનુ પ્રમાણપત્ર આંક–૧૨૧ તથા કબજા ભોગવટાના આધારે સહકારી મંડળીએ ધીરાણ મેળવવા માટે આપેલ દાખલો આંક–૧૨૨ થી રજુ છે. તેમજ બેન્ક લોન અન્વયે બેંક બોજો રદ કરાવા અંગે બેંકે આપેલ પ્રમાણપત્ર આંક–૧૨૩ તથા વીજ જોડાણ અંગેના મહત્વના કાગળો આંક–૧૨૪ થી આંક–૧૨૫ તેમજ ભરેલ મહેસુલની રસીદો આંક–૧૨૯ થી આંક–૧૫૮ તેમજ વીજ બીલની રસીદો આંક–૧૫૯ થી આંક–૧૮૧ વીગેરે રજુ કરેલ હોવા છતાં તે ન માનીને નામદાર કોર્ટ ભુલ કરેલ છે. નામ. ટ્રાયલ કોર્ટે હુકમ કરતી વખતે દાવાના કામે કરેલ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાને લીધા સીવાય કરેલ હુકમ તથા હુકમનામું કાયદા વિરૂધ્ધનું તથા રેકર્ડ ઉપર પડેલ પુરાવા વિરૂધ્ધનું હોઈ હુકમ રદ કરવા તથા અપીલ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૩) રીસ્પોન્ડન્ટને નોટિસ કાઢવામાં આવતાં જે તેઓને બજી ગયેલ છે. રીસ્પોન્ડન્ટો તરફે વિધ્વાન વકીલ શ્રી ટી.જે.મલેકનાઓ હાજર થયેલ છે.

(૪) અપીલ દાખલ થતાં મહે.કપડવંજના બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટના રે.દી.મુ નં. ૪૮/૨૦૧૨ નું રેકર્ડ મંગાવી સદર કામે સામેલ રાખવામાં આવેલ છે.

(૫) અપીલના કામે એપેલન્ટના વિ.વ.શ્રી તરફે આંક–૧૫ થી સી.પી.સી. ઓર્ડર–૪૧, રૂલ્સ–૨૭ મુજબ દસ્તાવેજી પુરાવા રજુ કરવા અરજી રજુ કરવામાં આવેલ હતી. અને તેના અનુસંધાને અરજી નામ.કોર્ટે મંજુર કરેલ. ત્યારબાદ આંક–૨૦ થી એપેલન્ટ તરફે અરજી આપી સદર નિ.–૧૬/૧ થી નિ. ૧૬/૫ સુધીના દસ્તાવેજો આંકે પાડવા અરજી આપતા નામ.કોર્ટે અરજી મંજુર કરેલ છે.

(૬) આ કામે રે.દી.મુ નં. ૪૮/૨૦૧૨ નું રેકર્ડ, એપેલેન્ટ તથા રીસ્પોન્ડન્ટ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ દલીલને ધ્યાને લેતાં આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દા દિવાની અપીલના નિર્ણય માટે ઉપસ્થિત થયેલ છે.

**<u>મુદ્દા નં.૧</u>** શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, મહે. કપડવંજના બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી નાઓએ રે.દી.મુ. નં. ૪૮ /૨૦૧૨ ના કામે તા. ૨૮–૦૩–૨૦૨૪ ના રોજ આંક–૧૯૪ લગત કરેલ હુકમ અને હુકમનામુ ખોટુ, ગેરકાયદેસર અને કાયદા થી પ્રસ્થાપિત સિધ્ધાંત વિરૂધ્ધનું હોઈ,તેમાં હસ્તક્ષેપ કરી રદ થવા પાત્ર છે ?

**<u>મુદ્દા નં.૨</u>** શું હુકમ ?

(૬.૧) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : હકારમાં

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ

:: **નિર્ણય માટેના કારણો** ::

**મુદ્દા નં.૧ :–**

(૭) એપેલેન્ટના વિધ્વાન વકીલશ્રીનાઓએ આંક–૨૭ થી લેખિત દલીલો રજુ કરી અપીલ મેમાની હકીકતોનુ પુનરાવર્તન કરી વધુમાં જણાવેલ છે કે, નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ તથા હુકમનામુ રેકર્ડ પરની તમામ હકીકતો તથા દસ્તાવેજી પુરાવા તથા પક્ષકારોના મૌખીક પુરાવાને સમજયા વિના મનસ્વી અર્થઘટનો કરીઘ કાયદા વિરૂધ્ધ આર્બીટરી અને અન્યાચી નિર્ણયો અને તારણો કરી, આપેલ હોવાથી હુકમ તથા હુકમનામુ રદ થવાને પાત્ર છે. નામ. ટ્રાયલ કોર્ટે કબજા અને માલીકી અને ભોગવટા અંગે કોઈ જરૂરી ઈસ્યુ ફ્રેમ કરેલ નથી. દાવાના કામે ફેરફાર નોંધ નં.૪૬૯ તથા ૫૪૭, તથા ૫૪૮ રેકર્ડ પર નામદાર કોર્ટે પુરાવા તરીકે સ્વીકારીને આંકે પાડેલ છે. અને આ તમામ ફેરફાર નોંધોને પ્રા.વાદીઓએ આજદીન સુધી કોઈપણ સક્ષમ અદાલત સમક્ષ પડકારીને ચેલેન્જ કરેલ નથી. તકરારી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો સને–૧૯૯૩ અને તે પહેલાથી એપેલન્ટનો સાબીત થતો હોવા છતાં તે ન માનીને નામદાર કોર્ટે ભુલ કરેલ છે. સદર તકરારી જમીનમાં કબજો ભોગવટો એપેલન્ટનો છે અને એપેલન્ટે ભરેલ જમીન મહેસુલની અસલ પાવતીઓ, પુરાવાઓ, એપેલન્ટ તકરારી જમીનના પ્રત્યક્ષ કબજેદાર અને ખેડુત હોવાના દાર્શનીક દસ્તાવેજો સરકારી દસ્તાવેજો આધાર પુરાવાઓ હોવા છતાં તે ન માનીને ગંભીર ભુલ કરેલ છે. ફેરફાર નોંધ નં.૪૬૯ તથા ૫૪૭, તથા

પ૪૮ સને–૧૯૯૩ થી મંજુર થયેલ છે. એપેલન્ટે સદર વાદવાળી જમીનમાં લીધેલ વીજ જોડાણ તથા તેના સતત વીજવપરાશ તથા સને–૧૯૯૩ થી આજદીન સુધીના ખેડ હકકના કબજેદાર તરીકેના પ્રમાણીત ઉતારા તેમજ જમીન મહેસુલ ભર્યાની પાવતીઓ રજુ કરેલ હોવા છતાં તે ન માનીને ગંભીર ભુલ કરેલ છે. તકરારી આંક–૮૭ વાળા તા. ૧૧/૦૬/૧૯૮૭ ના રોજના અનરજીસ્ટર કથીત અરસ પરસ વહેંચણી કરાર અનુસાર ફેરફાર નોંધ નં. ૪૬૯ રેકર્ડમાં પાડીને મંજુર કરવામાં આવેલ હોવાનું પ્રા.વાદીઓનુ કથન રેકર્ડ જોતાં તદ્દન ખોટુ છે. આંક–૧૧૮ થી આંક–૧૨૧ અન્વયેના  સરકારી પાણી પત્રકના પુરાવા તેમજ માલીકીના બોરકુવા અંગે તલાટીનુ પ્રમાણપત્ર આંક–૧૨૧ તથા કબજા ભોગવટાના આધારે સહકારી મંડળીએ ધીરાણ મેળવવા માટે આપેલ દાખલો આંક–૧૨૨ થી રજુ છે. તેમજ બેન્ક લોન અન્વયે બેંક બોજો રદ કરાવા અંગે બેંકે આપેલ પ્રમાણપત્ર આંક–૧૨૩ તથા વીજ જોડાણ અંગેના મહત્વના કાગળો આંક–૧૨૪ થી આંક–૧૨૫ તેમજ ભરેલ મહેસુલની રસીદો આંક–૧૨૯ થી આંક–૧૫૮ તેમજ વીજ બીલની રસીદો આંક–૧૫૯ થી આંક–૧૮૧ વીગેરે રજુ કરેલ હોવા છતાં તે ન માનીને નામદાર કોર્ટ ભુલ કરેલ છે. જેથી એપેલન્ટની દલીલોને ધ્યાને રાખી એપેલન્ટની અપીલ મંજુર કરી ટ્રાયલ અદાલતનો હુકમ તથા હુકમનામુ રદ કરવા  અરજ ગુજારેલ છે.

(૮) રીસ્પોડન્ટો તરફે વિધ્વાન વકીલશ્રીએ આંક–૩૨ થી લેખિત દલીલ રજુ કરી મુખ્યત્વે રજુઆત કરેલ છે કે, દાવાવાળી જમીનના રીસ્પોન્ડન્ટો કાયદેસરના માલીક

છે અને તે જમીનમાં કોઈપણ વ્યકિતનો કે એપલન્ટનો કોઈ લાગભાગ હીસ્સો આવેલ નથી. એપેલન્ટનો દાવો ગેરકાયદેસરનો હોઈ ટકવાપાત્ર નથી. વધુમાં જણાવ્યા મુજબ વાદીઓએ જે પેઢીનામુ રજુ કરેલ છે તે ખોટું છે. નરોત્તમ પિતાંબર તથા જીવણભાઈ પિતાંબર બે સગા ભાઈઓ હતા અને જે પિતાંબરની જમીન આવેલી તે જમીન નરોત્ત્મભાઈ અને જીવણભાઈને વહેંચણીમાં મળેલી અને તેમાં આલમપરની સીમની જમીન સર્વે નં.૮૪/૨ તથા ૮૨/૨ વાળી જમીન નરોત્તમભાઈના ભાગમાં ગયેલી જે નરોત્તમભાઈ પ્રતિવાદીઓના વડદાદા થાય છે અને તેમના ગુજરી ગયા બાદ ઉપરોકત જમીનો શંકરભાઈ નરોત્તમના નામે ફેરફાર એન્ટ્રી નં.૨૨૭ તા.૨૫/૮/૫૪ થી દાખલ થયેલ તેમજ વહેંચણીની એન્ટ્રી નં.૩૪૫ તા.૨૧/૯/૭૦ ની પાડવામાં આવેલ છે તે મુજબ શંકરભાઈ નરોત્ત્મભાઈના બે પુત્રો ગોપાળભાઈ શંકરભાઈ તથા હીરાભાઈ શંકરભાઈ વચ્ચે વહેંચણ થયેલ હોવાનું જણાય છે. ત્યારબાદ તા.૧૧/૩/૮૮ ના રોજ ફેરફાર એન્ટ્રી નં.૪૬૯ ની અદલાબદલીની પાડવામાં આવેલી અને તે આધારે સર્વે નં. ૮૪/૨ વાળી જમીન પ્રતિવાદીઓના બાપા ગોપાળભાઈના ભાગમાં ગયેલી અને આ ગોપાળભાઈ સને-૧૯૯૦ માં ગુજરી ગયા બાદ સર્વે નં.૮૪/૨ વાળી જમીન ફેરફાર એન્ટ્રી નં.૫૦૮ તા.૨૩/૧૦/૧૯૯૦ તથા એન્ટ્રી નં.૫૦૯ તા.૨૬/૧૦/૧૯૯૦ આધારે પ્રતિવાદીઓના નામે દાખલ થયેલ છે અને ત્યારથી દાવાવાળી જમીન પ્રતિવાદીઓના કબજામાં છે. વધુમાં જણાવ્યા મુજબ વાદીએ રજુ કરેલ, પેઢીનામા મુજબ વાદી ચંદ્રકાંત જીવણભાઈની પેઢીમાં આવે છે અને નરોત્તમભાઈની પેઢીમાં

આવતા નથી તેમજ ફેરફાર એન્ટ્રી નં.૫૪૭ તથા ૫૪૮ ની વાદીએ ખોટી રજુઆતો કરીને પડાવલે છે અને તેમના નામ દાખલ કરાવેલ છે. વધુમાં જણાવ્યા મુજબ વાદીના પિતા શંકરભાઈ તે જીવણભાઈના સગા પુત્ર નથી, પરંતુ શંકરભાઈની માતા સાંકળબેનના પ્રથમ લગ્ન અંતિસર મુકામે થયેલ અને તે લગ્નથી સાંકળબેનને શંકરભાઈ નામનો પુત્ર થયેલ અને ત્યારબાદ સાંકળબેન વિધવા થતાં તેમણે જીવણભાઈ સાથે બીજા લગ્ન કરેલા અને શંકર ભાઈને સાથે લઈને આવેલ છે તેથી શંકરભાઈ તેમના પેઢીનામામાં આવતા નથી કે તેમના કુટુંબી થતા નથી. એપેલન્ટના પિતા શંકરભાઈ જીવણભાઈના સગા પુત્ર નથી. એપલન્ટે દાવાવાળી જમીનમાં રેકર્ડમાં સહમાલીક તરીકે ખોટું નામ દાખલ કરાવી ત્યારબાદ રીસ્પોન્ડન્ટોના નામ ખોટી રીતે કમી કરાવી એપેલન્ટે પોતાનુ નામ ચઢાવી દીધેલ છે. એપેલન્ટે સને–૧૯૯૩ થી આજદીન સુધી દાવાવાળી જમીન વાવી ખેડી ઉપજ નીપજ લેતા હોય તેવા કોઈ પુરાવા રજુ રાખેલા નથી. દાવાના કામે આંક–૧૨૩ થી ૧૫૮ સુધીના વીજ બીલો તથા મહેસુલની પાવતીઓ તથા વીજ જોડાણના કાગળો તેમજ ફેરફાર નોંધ નં. ૫૪૭ તથા ૫૪૮ ના આધારે તેઓને સદરહુ દાવાવાળી જમીનમાં માલીકી હકક પ્રાપ્ત થતો નથી. આંક–૮૮ ના પંચનામા આધારે એપેલન્ટ કબજો પુરવાર કરવાની કોશીષ કરી રહેલ છે. પરંતુ પંચનામા આધારે કબજો પુરવાર થઈ શકે નહીં. નામદાર સર્વોચ્ચ અદાલતે એસ.જે.પટેલ વિરૂધ્ધ વિઠૃલભાઈ જે.પટેલ ૧૯૮૮ (૨) જી.એલ.આર ૧૦૪ માં ઠરાવ્યા મુજબ મ્યુટેશન એન્ટ્રી કોઈ મીલકત ઉપર હકક,

ટાઈટલ કે હીત મેળવવા હકકદાર બનતા નથી અને હકકપત્રકની નોંધ આધારે એપેલન્ટ દાવાવાળી મીલકત ઉપર તેમનો માલીકી હકક પ્રસ્થાપિત કરી શકે નહીં. આંક–૮૭ વાળા કરાર જે નામદાર ટ્રાયલ કોર્ટમાં રજુ થયેલ છે તે કરાર મુજબ સદરહુ દાવાવાળી જમીન રીસ્પોન્ડન્ટના ગુજ. પિતા ગોપાળભાઈને વહેંચણીમાં મળેલી છે અને તે દાવાવાળી જમીનમાં એપેલન્ટ સહમાલીક નથી તે હકીકત પણ તેઓએ કબુલ રાખેલી છે. આમ, વાદવાળી મીલકતમાં એપેલન્ટનો કોઈ કબજો ભોગવટો આવેલ નથી. આમ, નામ. ટ્રાયલ કોર્ટે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ઘ્યાને લઈ દાવો નામંજુર રાખતો હુકમ કરેલ છે તેમજ રીસ્પોન્ડન્ટોનો કાઉન્ટર કલેઈમ મંજુર કરી હુકમ કરેલ છે તે હુકમ યોગ્ય હોઈ, અપીલ રદૃ કરી ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમી રાખવા અરજ ગુજારેલ છે.

(૯) વિ. ટ્રાયલ કોર્ટે પક્ષકારોના પ્લીડીંગ્સ ઘ્યાને લઈ આંક–૫૬ થી નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલ છે અને તેના નીચે મુજબના નિર્ણય આપેલ છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ દાવાવાળી મિલકતના સ્વતંત્ર માલિક કબજેદાર એન્ટ્રી નં.૫૪૮ થી બનેલા છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીનો દાવાવાળી મિલકતમાં કોઈ હકક અધિકાર નથી ?

(૩) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ અને હુકમનામું?

(૧) થી (૩) '' નકારમાં ''

(૪) આખરી હુકમ મુજબ.

(૧૦) નામ. ટ્રાયલ કોર્ટે ઉપરોકત મુદ્દા પૈકી મુદા નં ૦૧ થી ૦૩ નકારમાં આપી મુદ્દા નં. ૦૪ નો આખરી હુકમ કરેલ છે. નામ. ટ્રાયલ કોર્ટે ઉપરોકત મુદ્દાઓનો નિર્ણય પડેલ પુરાવાનુ યોગ્ય મુલ્યાંકન કરીને આપેલ છે કે કેમ ? તે અંગે બંને પક્ષે રજુ થયેલ પુરાવાનુ સર્વગ્રાહી મુલ્યાંકન કરતા, રે.દી.મુ. નં. ૪૮/૨૦૧૨ ના કામે વિ.ટ્રાયલ કોર્ટે વાદી તથા પ્રા.વાદીના મૌખિક પુરાવાને ધ્યાને લઈ દાવાવાળી મીલ્કત વાદી/એપેલન્ટની કબજા ભોગવટાની આવેલી ન હોવાની હકીકત માનેલ છે.

(૧૦.૧) દાવાના કામે આંક–૧૦૮ તથા આંક–૧૮૭ થી રજુ પ્રા.વાદી નં. ૧ અને પ્રા.વાદી નં . ૨ નાએ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, મોજે આલમપુરાની સીમ ના ૮૪/૨ વાળી જમીનમાં રેવન્યુ રેકર્ડમાં આ કામના વાદીનું નામ સરકારી રેકર્ડ દફતરે માલીક કબજેદાર તરીકે છેલ્લા ૨૭ વર્ષથી ચાલે છે. એ વાત ખરી છે કે, ફેરફાર નોંધ નં. ૫૪૭ થી આ કામના વાદીનું નામ સહભાગીદાર તરીકે દાખલ થયેલ છે. એ વાત ખરી છે કે, ફેરફાર નોંધ નં. ૫૪૭ તથા ફરેફાર નોંધ નં. ૫૪૮ તા. ૨૨/૦૭/૧૯૯૩ ના રોજ પડેલ છે અને તા. ૩૦/૦૮/૧૯૯૩ ના રોજ પ્રમાણીત થયેલ છે અને તેની સામે વાંધો દાવો થયા બાદ રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, ફેરફાર નોંધ નં. ૫૪૭ તથા ફરેફાર નોંધ નં. ૫૪૮ સામે અમે રેવન્યુ કોર્ટમાં કોઈ અપીલ કે રીવીજન કરેલ હોય તેવી કોઈ અપીલ કે રીવીજન આ કામે રજુ કરેલ નથી. એ વાત

ખરી છે કે, ફેરફાર નોંધ નં. ૫૪૭ તથા ફરેફાર નોંધ નં. ૫૪૮ ખોટી, બનાવટી, ગેરકાયદેસરની પ્રક્રિયા કરીને થયેલ છે તેથી તેને રદબાતલ કરવા અંગે કોઈ દાવો કરેલ નથી. એ વાત ખરી છે કે, ફેરફાર નોંધ નં. ૫૪૮ થી મારુ નામ કમી થયેલ છે. તે નોંધ રદ કરાવવા નામ.કોર્ટમાં કોઈ દાવો દાખલ કરેલ નથી. ફેરફાર નોંધ નં. ૫૪૮ ની નોંધ સામે અમોએ અપીલ કરેલ છે તેનુ પરીણામ અમારી વિરૂધ્ધમાં આવેલ. એ વાત ખરી છે કે, આંક–૧૧૩ તથા આંક–૧૧૪ વાળા દસ્તાવેજમાં વાદી સીવાય મારુ કે અન્ય કોઈપણ વ્યકિતઓના નામ દર્શાવેલા નથી. એ વાત ખરી છે કે, આંક–૧૧૫ થી આંક–૧૧૭ જોતા હાલના ખાતેદારોના નામ સને–૨૦૦૮–૦૯ થી સને–૨૦૧૮–૧૯ સુધી સતત ફકત આ કામના વાદીનુ નામ જ આવેલ છે તે સીવાય બીજા કોઈના નામ દર્શાવેલા નથી. એ વાત ખરી છે કે, આંક–૧૨૨ જોઈને જણાવુ છુ કે તે સર્વે નં. ૮૪/૨ વાળી જમીન ઉપર આ કામના વાદીએ રૂા. ૯૦,૦૦૦/– નુ ધીરાણ તા. ૧૫/૦૪/૧૯ ના રોજ મેળવેલ છે તે અંગેનો સોનીપુરા સોમનાથ સેવા સહકારી લી. નો દાખલો છે. એ વાત ખરી છે કે, આંક–૧૨૩ જોઈને જણાવે છે કે, તે સર્વે નં. ૮૪/૨ વાળી જમીન ઉપર આ કામના વાદીએ રૂા. ૧,૫૦,૨૪૧/– નુ ધીરાણ મેળવેલ અને તે ભરપાઈ થઈ ગયેલાનું દેના બેંક, કપડવંજ શાખાએ આપેલ દાખલો છે. એ વાત ખરી છે કે, આંક–૧૨૪ જોઈને જણાવે છે કે, તે સર્વે નં. ૮૪/૨ વાળી જમીન ઉપર આ કામના વાદીએ વીજ કનેકશન લીધેલા તેના કાગળો છે. તે વીજ કનેકશન વાદી ચંદ્રકાંતભાઈ પટેલના નામે લેવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આંક–૧૨૭ જોઈને જણાવે છે કે,

તે સર્વે નં. ૮૪/૨ વાળી જમીન ઉપર આ કામના વાદીને નાયબ કલેકટરશ્રીએ બાકી સ્ટેમ્પડયુટી બાબતેની નોટીસ છે. એ વાત ખરી છે કે, આંક–૧૨૯ થી આંક–૧૫૮ જોઈને જણાવે છે કે, તે સર્વે નં. ૮૪/૨ વાળી જમીન ઉપકર અને મહેસુલની પાવતીઓ છે. જે આ કામના વાદીએ દાવાવાળી જમીનમાં ભરેલ છે તે છે. તેમા વાદી સીવાય મારુ કે અન્ય કોઈ વ્યકિતનુ નામ નથી. એ વાત ખરી છે કે, આંક–૧૫૯ થી આંક–૧૮૧ જોઈને જણાવે છે કે, તે સર્વે નં. ૮૪/૨ વાળી જમીન ઉપર આ કામના વાદીએ લીધેલ વીજ કનેકશન ચંદ્રકાંતભાઈ પટેલના નામે છે અને ગ્રાહક નં. ૦૨૦૦૬૬/૦૦૦૭૯/૫ તથા ૦૨૦૬૬/૦૦૦૮૦/૯ નંબરના વીજબીલો તથા તે વીજબીલો ભર્યાની પાવતીઓ છે. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનમાં હાલમાં મારું નામ સહ હિસ્સેદાર તરીકે કે સહમાલીક તરીકે ચાલતુ હોય તે દર્શાવતો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મારો દાવાવાળી જમીન ઉપર પ્રત્યક્ષ કબજો ભોગવટો આવેલ હોય તે દર્શાવતો મારા નામનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, સને ૧૯૯૩ થી આજદીન સુધી દાવાવાળી જમીનના ખરડા મારા નામના થયા હોય તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, સને ૧૯૯૩ થી આજદીન સુધી દાવાવાળી વાદગ્રસ્ત જમીન બાબતે કોઈપણ દાવો આ કામના વાદી વિરૂધ્ધ કરેલ નથી. વધુમાં દાવાના કામે રજુ આંક–૧૧૮ થી આંક–૧૨૧ અન્વયેના સરકારી પાણી પત્રકના પુરાવા તેમજ માલીકીના બોરકુવા અંગે તલાટીનુ પ્રમાણપત્ર આંક–૧૨૧ તથા

કબજા ભોગવટાના આધારે સહકારી મંડળીએ ધીરાણ મેળવવા માટે આપેલ દાખલો આંક–૧૨૨ થી રજુ છે. તેમજ બેન્ક લોન અન્વયે બેંક બોજો રદ કરાવા અંગે બેંકે આપેલ પ્રમાણપત્ર આંક–૧૨૩ તથા વીજ જોડાણ અંગેના મહત્વના કાગળો આંક–૧૨૪ થી આંક–૧૨૫ તેમજ ભરેલ મહેસુલની રસીદો આંક–૧૨૯ થી આંક–૧૫૮ તેમજ વીજ બીલની રસીદો આંક–૧૫૯ થી આંક–૧૮૧ વીગેરે રજુ કરેલ છે. આમ, દાવાના કામે રજુ આંક– ૧૧૩ થી આંક– ૧૮૧ સુધીના તમામ દસ્તાવજો જોવામાં આવે તો વાદવાળી તકરારી જમીનમાં વાદીનો પ્રત્યક્ષ કબજો ભોગવટો આવેલ હોવાનુ સાબીત થાય છે. આમ, ફેરફાર નોંધ નં.૫૪૮ થી એપેલન્ટ/વાદીનો તકરારી જમીનમાં કાયદેસરનો પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવતા ન હોવાની હકીકત માનેલ છે તે ભુલભરેલું તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોથી વિપરીત હોવાનું આ કોર્ટનું સ્પષ્ટપણે માનવું છે.

(૧૦.૨) દાવાના કામે આંક–૮૭ ના અનરજીસ્ટર વહેંચણી કરારને ધ્યાને લઈએ તો સદર કરાર તા.૧૧/૬/૮૭ ના રોજ કરવામાં આવેલ છે અને તેમાં જણાવ્યા મુજબ દાવાવાળી તકરારી જમીન પ્રા.વાદીઓના પિતાના ભાગે આવેલ છે અને તેનો કબજો પણ પ્રા.વાદીના પિતા ગોપાળભાઈ શંકરભાઈને સોંપવામાં આવેલ છે. સદર દસ્તાવેજમાં વાદીની પોતાની સહી પણ છે જે વાદીએ સ્વીકારેલી છે અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૫૮ ની જોગવાઈ મુજબ સ્વીકારેલી હકીકત પુરવાર કરવાની જરૂર રહેતી ન હોવાનુ વિ. ટ્રાયલ કોર્ટે માનેલ છે. પરંતુ સને.૧૯૯૩ માં સદર

વાદવાળી જમીનમાથી પ્રા.વાદીઓએ પોતાનો હકક હિસ્સો ઉઠાવી લઈ વાદીની તરફેણમાં વાદવાળી જમીન વાદીના નામે કરી આપવા સમંતિ આપેલ છે તે હકીકત ધ્યાને લીધેલ નથી. ફેરફાર નોંધ નં. ૫૪૭ ની નોંધ આધારે વાદીનું નામ રેવન્યુ રેકર્ડમાં સહ માલીક તરીકે દાખલ થયેલ તે નોંધ કયા પુરાવા આધારે અને કયા હકકથી પાડવામાં આવેલ છે તે પુરવાર કરવા માટેનો કોઈ પુરાવો વાદી ધ્વારા રેકર્ડ પર લાવવામાં આવેલ નથી તેવુ વિ. ટ્રાયલ કોર્ટે જણાવેલ છે. સદર અપીલના કામે એપેલન્ટ તરફે આંક–૧૫ થી દસ્તાવેજી પુરાવા રજુ કરવાની અરજી આપી નિ.–૧૬/૧ થી નિ. ૧૬/૫ સુધીના દસ્તાવેજો રજુ કરેલા. જે આંક–૧૫ ની અરજી મંજુર થતા વાદી/એપેલન્ટ તરફે આંક–૨૦ થી અરજી આપી સદર નિ. ૧૬/૧ થી નિ. ૧૬/૫ ના દસ્તાવેજોને આંકે પાડવા અરજી આપેલી. જે મંજુર કરેલી. સદર નિ. ૧૬/૧ થી નિ. ૧૬/૫ ના દસ્તાવેજને પાકે આંકે પાડી આંક–૨૨ થી આંક–૨૬ આપવામાં આવેલ છે. સદર આંક–૨૨ થી આંક–૨૬ જોવામાં આવે તો સને–૧૯૯૩ માં આંક–૨૨ થી ખુદ પ્રા.વાદીઓએ અરજી આપી વાદવાળી તકરારી સર્વે નં. ૮૪/૨ વાળી જમીન બાબતે રજુ કરવામાં આવેલી અરજીની સર્ટીફાઈડ નકલ છે. તેમજ આંક–૨૩ થી પ્રા.વાદીઓ તર્ફે આપવામાં આવેલ જવાબની સર્ટીફાઈડ નકલ છે. આંક–૨૪ થી પ્રા.વાદીઓ તર્ફે આપવામાં આવેલ સમંતિની સર્ટીફાઈડ નકલ છે. આંક– ૨૫ થી ફેરફાર નોંધ નં. ૫૪૭ તથા ૫૪૮ અંગે ત.ક.મંત્રીશ્રી, ગરોડ ગ્રામ પંચાયત ધ્વારા પ્રા.વાદીઓને આપવામાં આવેલ કલમ–૧૩૫(ડી)(૨)ની સર્ટીફાઈડ નકલ છે.

આંક–૨૬ થી ફેરફાર નોંધ નં. ૫૪૭ તથા ૫૪૮ અંગે થયેલ પેઢીનામાની સર્ટીફાઈડ નકલ છે. સદરહુ આંક–૨૨ થી આંક–૨૬ જોવામાં આવે તો સદરહુ દસ્તાવેજો તકરારી સર્વે નં. ૮૪/૨ વાળી જમીન પ્રા.વાદી/ રીસ્પોન્ડન્ટોએ વાદી/એપેલન્ટને સદર તકરારી જમીન વાદીના નામે કરવા સમંતિ આપેલ તેની ખરી નકલ છે. આમ, આંક–૮૭ ના અનરજીસ્ટર વહેંચણી કરારને ઘ્યાને લઈએ તો પ્રા.વાદી ઘ્વારા રજુ કરાર તા.૧૧/૬/૮૭ ના રોજ કરવામાં આવેલ છે અને તેમાં જણાવ્યા મુજબ દાવાવાળી તકરારી જમીન પ્રા.વાદીઓના પિતાના ભાગે આવેલ છે અને તેનો કબજો પણ પ્રા.વાદીના પિતા ગોપાળભાઈ શંકરભાઈને સોંપવામાં આવેલ છે. તેવુ વિ. ટ્રાયલ કોર્ટનુ તારણ ભુલભરેલું તથા કાયદાના પ્રસ્થાપિત સિઘ્ધાંતોથી વિપરીત હોવાનું આ કોર્ટનું સ્પષ્ટપણે માનવું છે.

(૧૦.૩) કાયદાનો એવો પ્રસ્થાપિત સિઘ્ધાંત છે કે, ટ્રાયલ કોર્ટે કરેલ હુકમમાં જો કાયદાની મહત્વની ભૂલ જણાઈ આવતી ન હોય તેવી પરિસ્થિતિમાં એપેલન્ટ કોર્ટે ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહી.વધુમાં જો એપેલન્ટ કોર્ટ કોઈ અન્ય તારણ પર આવી હોઈ,પરંતુ, ટ્રાયલ અદાલતના હુકમમાં કોઈ ગંભીર ક્ષતિ કે ભૂલ જણાય આવતી ન હોઈ તો એપેલેન્ટ કોર્ટ તેનું અન્ય તારણ પણ રજૂ કરી શકે નહીં. અત્રે મહે. કપડવંજના બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટનાઓએ આંક–૧૯૪ થી વાદીનો દાવો નામંજુર કરતા આપેલ ચુકાદામાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં ભુલ કરેલા હોવાનું જણાઈ આવતાં તા.૨૮/૦૩/૨૦૨૪ ના રોજ ફરમાવેલ હુકમમાં હસ્તક્ષેપ

કરવાનું યોગ્ય અને વ્યાજબી જણાય છે. ઉપર મુજબ વિગતવાર કરેલી ચર્ચાને ધ્યાને લેતાં મુદ્દા નં.(૧) નો નિર્ણય **હકારમાં** ઠરાવી, મુદ્દા નં.(૨) ના કામે નીચે મુજબ આખરી હુકમ મુજબ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

- એપેલેન્ટ/વાદીની હાલની અપીલ આથી **મંજૂર** કરવામાં આવે છે.

- મહે. કપડવંજના બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબનાઓએ પોતાની સમક્ષના રે.દી.મુ. નં. ૪૮/૨૦૧૨ ના કામે તા. ૨૮/૦૩/૨૦૨૪ ના રોજ આંક–૧૯૪ લગત કરેલ હુકમ તથા હુકમનામુ આથી રદ કરવામાં આવે છે.

- આ હુકમની એક નકલ સાથે રેગ્યુલર દિવાની મુકદમા નંબર: ૪૮ /૨૦૧૨ નું રેકર્ડ મહે. કપડવંજના બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ શ્રીની કોર્ટને મોકલી આપવું.

- ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

- હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ: ૧૬ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**

તારીખ :– ૧૬/૦૩/૨૦૨૬. એડીશનલ ડીસ્ટ્રીકટ જજ,

સ્થળ :– કપડવંજ. કપડવંજ (ખેડા).

GJ-00532